# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ
सा विद्या या विमुक्तये
સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

## તૃતિય વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

**[સમ્યગ્જ્ઞાન વિશારદ] અભ્યાસ- ૯**

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

**સૌજન્ય : સંઘમાતા અ.સૌ. હંસાબેન હીરાચંદ પટેલ –બાંઢીયા હાલ : ઐરોલી**

# સ્તોત્ર–અર્થ રહસ્ય

## શાંતિ–સ્તવ (લઘુશાંતિ)

**મૂળ :-**

(વિજયા-જયા -નવરત્ન-માલા)

**ભવતુ નમસ્તે ભગવતિ !, વિજયે ! સુજયે ! પરાપરૈરજિતે ! ।**
**અપરાજિતે ! જગત્યાં, જયતીતિ જયાવહે ! ભવતિ ! ।।૭।।**

**શબ્દાર્થ-**

**ભવતુ** -હો.
**નમઃ**-નમસ્કાર.
**તે**-તને.
**ભગવતિ !**-હે ભગવતી !

**વિજયે !**-હે વિજયા !
**સુજયે !**-હે સુજયા !
**પરાપરૈઃ**-પરાપર અને બીજાં રહસ્યો વડે.
**અજિતે ! ।**-હે અજિતા !
**અપરાજિતે !**-હે અપરાજિતા !
**જગત્યાં**-લોકમાં, જંબૂદ્વીપમાં.
**જયતિ**-જય પામે છે.
**ઈતિ**-તેથી.
**જયાવહે !**- હે જયાવહા !
**ભવતિ !**-હે ભવતી !

**અર્થ-સંકલના -**

હે ભગવતી ! હે વિજયા ! હે સુજયા ! હે અજિતા ! હે અપરાજિતા ! હે જયાવહા ! હે ભવતી ! તારી શક્તિ પરાપર રહસ્યવડે જગતમાં જય પામે છે, તેથી તને નમસ્કાર હો...૭

**મૂળ :-** **સર્વસ્યાપિ ચ સઙ્ઘસ્ય, ભદ્ર-કલ્યાણ-મઙ્ગલ-પ્રદદે ! ।**
**સાધૂનાં ચ સદા શિવ-સુતુષ્ટિ-પુષ્ટિ-પ્રદે ! જીયાઃ ॥૮॥**

**શબ્દાર્થ-**

**સર્વસ્ય** -સર્વને.
**અપિ ચ** -વળી.
**સઙ્ઘસ્ય** -સંઘને.
**ભદ્ર-કલ્યાણ-મઙ્ગલ-પ્રદદે !** -ભદ્ર, કલ્યાણ અને મંગલને આપનારી !
**સાધૂનાં** -સાધુઓને.
**ચ** -તેમજ.
**સદા** -નિરંતર.
**શિવ-સુતુષ્ટિ-પુષ્ટિ-પ્રદે !** -નિરુપદ્રવી વાતાવરણ, તુષ્ટિ અને પુષ્ટિ આપનારી !
**જીયાઃ** -તું જય પામ.

**અર્થ-સંકલના -**

સકલસંઘને ભદ્ર, કલ્યાણ અને મંગલ આપનારી તેમજ શ્રમણ-સંઘને સદા નિરુપદ્રવી વાતાવરણ, તુષ્ટિ અને પુષ્ટિ આપનારી હે દેવી ! તું જય પામ...૮

**મૂળ :-** **ભવ્યાનાં કૃતસિદ્ધે !, નિર્વૃતિ-નિર્વાણ-જનનિ ! સત્ત્વાનામ્ ! ।**
**અભય-પ્રદાન-નિરતે ! નમોઽસ્તુ સ્વસ્તિપ્રદે ! તુભ્યમ્ ॥૯॥**

## શબ્દાર્થ-

**ભવ્યાનાં** -ભવ્ય ઉપાસકોને.
**કૃતસિદ્ધે !** - હે કૃતસિદ્ધા ! હે સિદ્ધિ-દાયિની !
**નિર્વૃતિ-નિર્વાણ-જનનિ !** -શાંતિ અને પરમ પ્રમોદને આપવામાં કારણભૂત !
**સત્ત્વાનામ્ !** -સત્ત્વશાળી ઉપાસકોને.
**અભય-પ્રદાન-નિરતે !** - અભયનું દાન કરવામાં તત્પર !
**નમઃઅસ્તુ** - નમસ્કાર હો.
**સ્વસ્તિપ્રદે !** -ક્ષેમને આપનારી !
**તુભ્યં** -તને.

## અર્થ-સંકલના -

ભવ્ય ઉપાસકોને સિદ્ધિ, શાંતિ તથા પરમ પ્રમોદ આપનારી તથા સત્ત્વશાળી ઉપાસકોને નિર્ભયતા અને ક્ષેમ આપનારી હે દેવી ! તને નમસ્કાર હો....૯

## મૂળ :-

**ભક્તાનાં જન્તૂનાં, શુભાવહે ! નિત્યમુદ્યતે ! દેવિ ! ।**
**સમ્યગ્દૃષ્ટિનાં, ધૃતિ-રતિ-મતિ-બુદ્ધિ-પ્રદાનાય ॥૧૦॥**
**જિનશાસન-નિરતાનાં, શાન્તિ-નતાનાં ચ જગતિ જનતાનામ્ ।**
**શ્રી-સમ્પત્-કિર્તિ-યશો-વર્ધનિ ! જય દેવિ ! વિજયસ્વ ॥૧૧॥**

## શબ્દાર્થ-

**ભક્તાનાં જન્તૂના** - કનિષ્ઠ ઉપાસકોનું.
**શુભાવહે !** - શુભ કરનારી.
**નિત્યમ્** -સદા.
**ઉદ્યતે !** -ઉદ્યમવંત ! તત્પર રહેનારી.
**દેવિ !** -હે દેવી.
**સમ્યગ્દૃષ્ટિનાં** - સમ્યગ્ દૃષ્ટિવાળા જીવોને.
**ધૃતિ-રતિ-મતિ-બુદ્ધિ-પ્રદાનાય** -ધૃતિ, રતિ, મતિ અને બુદ્ધિ આપવાને માટે. **ધૃતિ**- સ્થિરતા, **રતિ**- હર્ષ, **મતિ**- વિચાર-શક્તિ. **બુદ્ધિ** -સારાં ખોટાંનો નિર્ણય કરવાની શક્તિ.
**જિનશાસન-નિરતાનાં શાન્તિ-નતાનાં ચ** -જૈન ધર્મમાં. અનુરક્ત તથા શાંતિનાથ ભગવાનને નમનારી.
**જગતિ** -જગતમાં.
**જનતાનાં** -જનતાને.
**શ્રી-સમ્પત્-કીર્તિ-યશો-વર્દ્ધનિ !** -લક્ષ્મી, સમ્પત્તિ, કીર્તિ અને યશને વધારનારી.
**જય** -તું જય પામ.
**દેવિ !** -હે દેવી !
**વિજયસ્વ** -તું વિજય પામ.

## અર્થ-સંકલના -

કનિષ્ઠ ઉપાસકોનું શુભ કરનારી, સમ્યગ્દૃષ્ટિવાળા જીવોને ધૃતિ, રતિ, મતિ અને બુદ્ધિ આપવાને સદા તત્પર રહેનારી, જૈનધર્મમાં અનુરક્ત તથા શાંતિનાથ ભગવાનને નમનારી જનતાને લક્ષ્મી, સમ્પત્તિ, કીર્તિ અને યશમાં વૃદ્ધિ કરી આપનારી હે દેવી ! તું જગતમાં જય પામ ! વિજય પામ !! ...૧૦-૧૧.

**મૂળ :-**

**સલિલાનલ-વિષ-વિષધર-દુષ્ટગ્રહ-રાજ-રોગ-રણ ભયતઃ ।**
**રાક્ષસ-રિપુગણ-મારી-ચૌરેતિ-શ્વાપદાદિભ્યઃ ॥૧૨॥**
**અથ રક્ષ રક્ષ સુશિવં, કુરુ કુરુ શાંતિં ચ કુરુ કુરુ સદેતિ ।**
**તુષ્ટિ કુરુ કુરુ પુષ્ટિં, કુરુ કુરુ સ્વસ્તિં ચ કુરુ કુરુ ત્વમ્ ॥૧૩॥**

**શબ્દાર્થ-**

**સલિલાનલ-વિષ-વિષધર-દુષ્ટ ગ્રહ-રાજ-રોગ-રણ ભયતઃ** -જલ, અગ્નિ, ઝેર, સાપ, દુષ્ટ ગ્રહો, રાજા, રોગ અને લડાઇ એ આઠ પ્રકારના ભયથી.

**સલિલ**- જલ. **અનલ**-અગ્નિ. **વિષ**-ઝેર. **વિષધર**- સાપ. **દુષ્ટગ્રહ**-ગોચરમાં રહેલ અશુભગ્રહો. **રણ**-લડાઇ.

**રાક્ષસ-રિપુગણ-મારી-ચૌરેતિ-શ્વાપદાદિભ્યઃ**- રાક્ષસ, શત્રુસમુહ, મરકી, ચોર, પશુઓ વગેરેના ઉપદ્રવથી.

**અથ** -હવે.
**રક્ષ રક્ષ** -રક્ષણ કર, રક્ષણ કર.
**સુશિવં, કુરુ કુરુ** - નિરુપદ્રવતા કર, કર.
**શાંતિ ચ કુરુ કુરુ** - અને શાંતિ કર, શાંતિ કર.
**સદા** - નિરંતર.
**ઈતિ** - ઇતિ, સમાપ્તિ.
**તુષ્ટિ કુરુ કુરુ** - તુષ્ટિ કર, તુષ્ટિ કર.
**પુષ્ટિં કુરુ કુરુ** - પુષ્ટિ કર પુષ્ટિ કર.
**સ્વસ્તિં ચ કુરુ કુરુ** - અને ક્ષેમ કર, ક્ષેમ કર.
**ત્વં**-તું.

**અર્થ-સંકલના-**

વળી તું જલ ભયમાંથી, અગ્નિ ભયમાંથી, વિષ ભયમાંથી, વિષધર ભયમાંથી, દુષ્ટગ્રહ ભયમાંથી, રાજ ભયમાંથી, રણ ભયમાંથી, રાક્ષસના ઉપદ્રવમાંથી, શત્રુસમુહના ઉપદ્રવમાંથી, મરકીના ઉપદ્રવમાંથી, ચોરના ઉપદ્રવમાંથી, ઇતિસંજ્ઞક ઉપદ્રવમાંથી, શિકારી પશુઓના ઉપદ્રવમાંથી અને ભૂત, પિશાચ તથા શાકિનીઓના ઉપદ્રવમાંથી રક્ષણ કર ! રક્ષણ કર ! ઉપદ્રવ રહિત કર, ઉપદ્રવ રહિત કર; શાંતિ કર, શાંતિ કર, તુષ્ટિ કર, તુષ્ટિ કર; પુષ્ટિ કર, પુષ્ટિ કર, ક્ષેમ કર, ક્ષેમ કર. ....૧૨-૧૩

**મૂળ:-**

**ભગવતિ ! ગુણવતિ ! શિવ-શાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-સ્વસ્તીહ કુરુ કુરુ જનાનામ્ ।**
**ઓમિતિ નમો નમો હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃ યઃ ક્ષઃ હ્રીઁ ફૂટ્ ફૂટ્ સ્વાહા ।।૧૪।।**

**શબ્દાર્થ-**

**ભગવતિ !**- હે ભગવતી !

**ગુણવતિ !** - હે ગુણવાળી, ત્રણ ગુણોવાળી.
ગુણ-સત્ત્વ, રજસ્ અને તમસ્.

**શિવ-શાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-સ્વસ્તી-ઇહ કુરુ કુરુ**
અહી નિરુપદ્રવતા, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને ક્ષેમ કર, ક્ષેમ કર.

**જનાનામ્** - લોકોને.

N નમો નમો હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃ યઃ ક્ષઃ હ્રીઁ ફૂટ્ ફૂટ્ સ્વાહા :-આ એક પ્રકારનો ષોડશી (દેવી)-મંત્ર છે.

**અર્થ-સંકલના:-**

હે ભગવતી ! હે ગુણવતી ! તું અહીં લોકોને નિરુપદ્રવતા, શાંતિ, તુષ્ટિ પુષ્ટિ અને ક્ષેમ કર. 'N નમો નમો હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રઃ યઃ ક્ષઃ હ્રીઁ ફૂટ્ ફૂટ્ સ્વાહા ...૧૪

# શ્રી દંડક પ્રકરણ


-શ્રી જિનહંસમુનિ

## ગતિ આગતિ દ્વાર

**तेउ वाउ गमणे, पुढवी पमुहंमि होइ पय नवगे ।**
**पुढवाइ ठाण दसगा, विगलाइ तियं तहिं जंति ।।३६।।**


તેઉકાય અને વાયુકાયનું ગમન પૃથ્વીકાય વિગેરે નવપદને વિષે હોય છે. પૃથ્વીકાયાદિ દસ સ્થાનકમાંથી નીકળેલા જીવો વિકલેન્દ્રિયના ત્રણ દંડકમાં અને ત્રણ વિકલેન્દ્રિયના જીવો પૃથ્વીકાયાદિ દસ પદમાં જાય છે.

તેઉકાય અને વાયુકાયની ગતિ પૃથ્વીકાયાદિ નવપદોમાં થાય છે. પૃથ્વીકાયાદિ નવપદમાં પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય તથા તિર્યંચ પંચેન્દ્રિયનો સમાવેશ થાય છે.




પૃથ્વીકાયાદિ દસ સ્થાનકના જીવોની ગતિ વિકલેન્દ્રિય (બે ઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય) ના ત્રણ દંડકમાં થાય છે.

વિકલેન્દ્રિયના ત્રણ દંડકની ગતિ પૃથ્વીકાયાદિ દસ પદમાં થાય છે.



**गमणा गमणं गब्भय, तिरियाणं सयल जीव ठाणेसु ।**
**सव्वत्थ जंति मणुआ, तेऊ वाऊ हिं नो जंति ।।३७।।**

ગર્ભજ તિર્યંચોની ગતિ-આગતિ સર્વ દંડકોને વિષે થાય છે. ગર્ભજ મનુષ્યો સર્વ દંડકોને વિષે ઉત્પન્ન થાય છે. પરંતુ તેઉકાય અને વાયુકાયના જીવો મનુષ્યોમાં ન જાય.

સર્વ દંડકોના સર્વ જીવો ગર્ભજ તિર્યંચ ગતિમાં જાય છે. તેમજ ગર્ભજ તિર્યંચ જીવો સર્વ દંડકોમાં ઉત્પન્ન થાય છે.

| (આગતિ) | | (ગતિ) |
|---|---|---|
| **એકેન્દ્રિય** → | **ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય** | → **એકેન્દ્રિય** |
| **વિકલેન્દ્રિય** → | | → **વિકલેન્દ્રિય** |
| **તિર્યંચ પંચેન્દ્રિય** → | | → **તિર્યંચ પંચેન્દ્રિય** |
| **મનુષ્ય** → | | → **મનુષ્ય** |
| **દેવ** → | | → **દેવ** |
| **નારક** → | | → **નારક** |

ગર્ભજ મનુષ્ય બધા દંડકોમાં ઉત્પન્ન થાય (ગતિ) પરંતુ તેઉકાય અને વાયુકાય મનુષ્યપણે ઉત્પન્ન ન થાય. (આગતિ)

| (આગતિ) | | (ગતિ) |
|---|---|---|
| **પૃથ્વી- અપ વનસ્પતિકાય.** → | **ગર્ભજ મનુષ્ય** | → **એકેન્દ્રિય** |
| **વિકલેન્દ્રિય** → | | → **વિકલેન્દ્રિય** |
| **તિર્યંચ પંચેન્દ્રિય** → | | → **ગ. તિર્યંચ પંચેન્દ્રિય** |
| **મનુષ્ય** → | | → **મનુષ્ય** |
| **દેવ** → | | → **દેવ** |
| **નારક.** → | | → **નારક** |

## (૨૪) વેદ દ્વાર

**वेय तिय तिरि नरेसु, इत्थी पुरिसोय चउविह सुरेसु ।**
**थिर विगल नारएसु, नपुंसवेओ हवइ अेगो ।।३८।।**

તિર્યંચ અને મનુષ્યોને વિષે ત્રણ વેદ હોય છે. ચાર પ્રકારના દેવતાઓને વિષે સ્ત્રી અને પુરુષવેદ હોય છે. પાંચ સ્થાવર, ત્રણ વિકેલેન્દ્રિય અને નારકીને વિષે એક નપુંસક વેદ હોય છે.

પુરુષ વેદ, સ્ત્રીવેદ, તથા નપુંસક વેદ આ ત્રણ વેદ છે. આ ત્રણે વેદ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યના દંડકમાં હોય છે.

ચાર પ્રકારના દેવોના ૧ ૩ દંડકને વિષે પુરુષ તથા સ્ત્રી એમ બે જ વેદ હોય છે.

પૃથ્વીકાયાદિપાંચ, બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિયના ત્રણ, તથા નરક એ નવ દંડકને વિષે એકજ નપુંસક વેદ જ છે.

| વેદ | | |
|---|---|---|
| **દંડક સંખ્યા** | **દંડકનામ** | **વેદ** |
| **૨** | **તિર્યંચ પંચેન્દ્રિય<br>મનુષ્ય** | **(૩)<br>સ્ત્રીવેદ-પુરુષવેદ<br>નપુંસક વેદ** |
| **૧૩** | **દેવ** | **(૨)<br>પુરુષવેદ-સ્ત્રીવેદ** |
| **૯** | **સ્થાવરના પાંચ<br>વિકલેન્દ્રિય ત્રણ<br>નારક** | **(૧)<br>નપુંસક વેદ** |

# જિનશાસનના મહાપ્રભાવક આચાર્ય ભગવંતો

**આધાર ગ્રંથ :**
**અચલગચ્છ દિગ્દર્શન-શ્રી પાર્શ્વ**

## ૧૭ ''શતપદી'' પ્રણેતા શ્રી ધર્મઘોષસૂરિ

મારવાડ અંતર્ગત મહાવપુરમાં વિ.સં. ૧૨૦૮માં તેમનો જન્મ થયો હતો. તેમનું પૂર્વાશ્રમનું નામ ધનદત્તકુમાર. પિતા શ્રીમાલી જ્ઞાતિના મુકુટમણિ શ્રેષ્ઠી શ્રીચંદ. માતા રાજલદે. ગળથૂંથીમાં જ ધનદત્તકુમારને ધર્મના સંસ્કારો પ્રાપ્ત થયા. આ સંસ્કારોએ જ એમને ત્યાગ-માર્ગે વાળ્યા.

વિ.સં. ૧૨૧૬માં અંચલગચ્છાધિપતિ જયસિંહસૂરિએ રાજસ્થાનમાં ઉગ્રવિહાર કરતા મહાવપુરનગરમાં પદાર્પણ કર્યું. આઠ વર્ષની કુમળી વયના ધનદત્તકુમારને સૂરિની વાણીએ મોહિની જગાડી. ત્યાગ-માર્ગના પથિક થવાની બાળકને અભિલાષા જાગી. એટલે પોતાનાં માત-પિતાની અનુજ્ઞા મેળવીને તેણે સૂરિનો સંગાથ લીધો. વિ.સં. ૧૨૧૬માં હરિવર ગામમાં ગુરુએ તેને ઉત્સવપૂર્વક દીક્ષા આપીને તેમનું મુનિ ધર્મઘોષ એવું નામાભિકરણ કર્યું.

રાજસ્થાને પ્રસંગોપાત વીરપુરુષો અને ત્યાગીઓની અમૂલ્ય ભેટ ધરી છે, જેને માટે મૈયા ભારતી ગૌરવ લઇ શકે એમ છે. અંચલગચ્છ-પ્રવર્ત્તક આર્યરક્ષિતસૂરિ આ પ્રદેશની ભૂમિમાં પોષાયા હતા. એમના પ્રશિષ્ય ધર્મઘોષમુનિ પણ એ પ્રદેશની જ નીપજ હતા, જેમને માટે અંચલગચ્છ જ નહિ, સમગ્ર જૈન શાસન ગૌરવની લાગણી અનુભવે છે. આ બેઉ મહાપુરુષોનું પ્રદાન ગચ્છ કે સંપ્રદાય પુરતું જ મર્યાદિત ન હતું. પશ્ચિમ ભારતની શૈક્ષણિક, ધાર્મિક તેમ જ સાંસ્કૃતિક પ્રવૃત્તિના તેઓ કેન્દ્ર-બિન્દુએ રહ્યા હતા.

વ્રત ગ્રહણ કર્યા પછી નવોદિત મુનિએ અધ્યયન-ક્ષેત્રે આગવી સિદ્ધિઓ હાંસલ કરી. પોતાના ગુરુની જેમ ચરિત્ર નાયકે આગમોના અધ્યયનમાં વિશેષ અભિરુચિ દર્શાવી. આર્યરક્ષિતસૂરિ તથા જયસિંહસૂરિ જેવા મહાપુરુષોની છત્રછાયામાં ઉછરવાનું વિરલ સૌભાગ્ય તેમને પ્રાપ્ત થયું. ધર્મઘોષમુનિની પ્રતિભાના ઘડતરમાં ઉક્ત બેઉ મહાપુરુષોએ મુખ્ય ભાગ ભજવ્યો, પરિણામે અંચલગચ્છને દિગ્ગજ વિદ્વાન પ્રાપ્ત થઇ શક્યો.

વિ. સં. ૧૨૩૪માં ભટ્ટોહરિ ગામમાં ગુરુએ તેમને યોગ્ય જાણીને આચાર્યપદે વિભૂષિત કર્યા. આ એક જ પ્રસંગે જયસિંહસૂરિએ એકી સાથે વીશ શિષ્યોને આચાર્યપદે પ્રસ્થાપિત કરેલા. ગચ્છને એકી સાથે વીશ આચાર્યો પ્રાપ્ત થયા હોય એવો આ પહેલો અને છેલ્લો પ્રસંગ હતો. આર્યરક્ષિતસૂરિના સમયમાં ચારેક હજાર સાધુ-સાધ્વીઓ હતાં, ત્યારે આચાર્યોની સંખ્યા માત્ર બારની હતી. આ દૃષ્ટિએ તુલના કરતાં

જયસિંહસૂરિનો ત્યાગી પરિવાર પાંચ હજારથી પણ અધિક હશે એવી સંભાવના કરી શકાય. ખરેખર, અંચલગચ્છનો ભાગ્યરવિ તે સમયે મધ્યાહ્ને તપતો હતો.

શાકંભરીના પ્રથમરાજાનું નામ જાુદી જાુદી હાથપ્રતોમાં ફેરફારવાળું મળે છે. પરંતુ તેમા કહેવાયું છે કે મદ્યપાન અને શિકારનો તે ઘણો જ રસિયો હતો. એમાં જ તે ચકચૂર રહેતો. પરંતુ ધર્મઘોષસૂરિના સમાગમમાં આવ્યા પછી રાજાની દૃષ્ટિમાં પરિવર્તન આવી ગયું. દિન-રાત નશામાં રચ્યોપચ્યો રહેતો એ રાજા ચરિત્રનાયકનો ઉપદેશ સાંભળીને શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાને પૂજતો થઇ ગયો. બધાં વ્યસનો છોડીને તેણે જૈન ધર્મ સ્વીકારી લીધો.

પોતાને સાચા માર્ગે વાળવા બદલ રાજાએ ધર્મઘોષસૂરિને એક હજાર સુવર્ણ-મુદ્રિકાઓ ધરેલી, પરંતુ નિઃસ્પૃહી ગુરુએ તેનો આદરપૂર્વક અસ્વીકાર કર્યો. રાજાએ પણ એ મુદ્રિકાઓ પાછી ન રાખી. ગુરુને સમર્પિત વસ્તુ પાછી કેમ રાખી શકાય ? આથી ચરિત્રનાયકના આચાર્યપદ મહોત્સવ પ્રસંગે રાજાએ એ મુદ્રિકાઓ ખરચી.

ધર્મઘોષસૂરિના ઉપદેશથી રાજાએ પોતાના નગરમાં ભવ્ય જિનાલય બંધાવ્યું અને તેની મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી. ચરિત્રનાયકની તેણે ઘણી ભક્તિ કરી અને પોતાની પર્ષદામાં તેમનો અપૂર્વ સત્કાર કર્યો.

ધર્મઘોષસૂરિ નામ ધારક અનેક આચાર્યો થઇ ગયા છે. ''બોધિત શાકંભરી ભૂપઃ'' એવા અન્ય ધર્મઘોષસૂરિ રાજગચ્છીય શીલભદ્રસૂરિના શિષ્ય હતા. શાકંભરીના નૃપતિઓ સાથેના જૈનાચાર્યોનો સંપર્ક ઇતિહાસ-પ્રસિદ્ધ છે, તેમાં ચરિત્રનાયકે એક ઉજ્જ્વળ પૃષ્ટ ઉમેર્યું. અંચલગચ્છના આચાર્યે કોઇ મોટા રાજવીને પ્રતિબોધ આપ્યો હોય એવો આ સૌ પ્રથમ પ્રસંગ હોઇને તેની મહત્તા ગચ્છના ઇતિહાસમાં વિશેષ હોય એ સ્વાભાવિક છે. વિ.સં. ૧૨૩૪માં એ પ્રસંગ બન્યો હોય તેવા નિર્દેશ મળે છે.

અચંલગચ્છ-પ્રવર્તક આર્યરક્ષિતસૂરિએ તથા તેમના પ્રભાવક પટ્ટશિષ્ય જયસિંહસૂરિએ નાના રાજવીઓ, ઠાકોરો, આદિને પ્રતિબોધ આપેલો અને તેમને જૈન ધર્માનુરાગી બનાવેલા. પરંતુ ધર્મઘોષસૂરિએ મહા રાજવી ગણાતા શાંકભરી-સાંભર દેશાધિપતિને પ્રતિબોધ આપનાર આચાર્ય તરીકે ઉચ્ચ માનપ્રાપ્ત કર્યું. તે દ્વારા તેમણે જૈન શાસનની તેમ જ અંચલગચ્છની શાન પણ વધારી.

વિ.સં. ૧૨૪૬માં ધર્મઘોષસૂરિએ રાજસ્થાન અંતર્ગત ખીમલી નગરમાં ડોડિયા જ્ઞાતીય રજપૂત રાઉત બોહડીને પ્રતિબોધ આપીને જૈન ધર્મી બનાવ્યો. તેના કુટુંબને ઓશવાળ જ્ઞાતિમાં ભેળવી દેવામાં આવ્યું. તેના વંશજો બહુલ અથવા બહુલસખા ઓડકથી પ્રસિદ્ધ છે.

ધર્મઘોષસૂરિના ઉપદેશથી બોહડીએ ધર્મકાર્યોમાં આગેવાની ભર્યો ભાગ લીધો અને ભારે નામના કાઢી. તેણે તીર્થ સંઘ કાઢ્યો હોઇને તેને સંઘવી -પદ પ્રાપ્ત થયું. એ સમયના ખ્યાતનામ શ્રાવકવર્યોમાં તેની ગણાના થાય છે. ગુજરાતના સુપ્રસિદ્ધ મંત્રી-બાંધવો વસ્તુપાલ અને તેજપાલ બોહડીની ઉચ્ચ સેવાઓના ઉપલક્ષમાં તેને ''સંઘનરેન્દ્ર'નું ઉચ્ચ બિરુદ પ્રદાન કરેલું તે પરથી તેના અસાધારણ પ્રભાવનો

પરિચય મળી શકશે.

ધર્મઘોષસૂરિએ ઉત્તર ભારતમાં વિહાર કરીને ત્યાં પણ જૈન ધર્મનો મહિમા ઘણો વિસ્તાર્યો. એમના ઉપદેશના પરિણામે ત્યાં અનેક ધર્મકાર્યો થયાં, અનેક જીવો પ્રતિબોધ પામ્યા.

ધર્મઘોષસૂરિ વિહાર કરતાં ગંગાનદી પાસેના મુક્તેસરગઢ પધાર્યા. આ સ્થાને કરવત મૂકાવવાના મહત્ત્વના કેન્દ્ર તરીકે દેશભરમાં પ્રસિદ્ધિ પ્રાપ્ત કરેલી. તે કાળે લોકોમાં એવી માન્યતા પ્રચલિત હતી કે જે કોઇ ઇચ્છુક આ પવિત્ર સ્થળે કરવત મૂકાવીને જીવનનો સ્વેચ્છાએ અંત આણે તો તેની આકાંક્ષા મુજબની સિદ્ધિ પુનર્જન્મમાં અવશ્ય થાય. આ ભ્રમણાથી ગેરમાર્ગે દોરવાઇને હજારો શ્રદ્ધાળુઓને અહીં આહૂતિ અપાતી. કરવત મૂકાવવાના વિચારે એવું ઘેલું લગાયેલું કે લોકોની સંખ્યા પ્રતિદિન વધતી જ જતી હતી.

ધર્મઘોષસૂરિને ત્યાંના નર-સંહારના દૃશ્યોએ ભારે આઘાત પહોંચાડ્યો. આવા દુષ્ટ વ્યવસાયમાં બ્રાહ્મણો પડ્યા હતા તેથી તેમને ભારોભાર આશ્ચર્ય થયું. અભીપ્સિત પુનર્જીવનની ઘેલછામાં ઇહલોક અને ઇહજીવનનો છેદ ઉડાડી દેનારને તેમણે ઉપદેશ આપ્યો અને માનવ-ભવનું મહાત્મ્ય સૌને સમજાવ્યું. તેમની વાણી સાંભળીને લોકો ઘણા પ્રભાવિત થયા. ધર્મઘોષસૂરિની પ્રેરણાથી આવા અનિષ્ઠથી દૂર રહેવાનું સૌએ કબૂલ્યું. ત્યાંનો અગ્રણી વિનકર ભટ્ટ તો આચાર્યનો પરમ ભક્ત બની ગયો. તેને જૈન ધર્મનો ઉપદેશ રુચ્યો હોઇને તેણે સ્વેચ્છાએ તે ધર્મ અંગીકાર કર્યો.

કહેવાય છે કે ત્યાંના લોકોએ ધર્મઘોષસૂરિને કોઇ ચમત્કાર દેખાડવાનો આગ્રહ કરેલો. ચમત્કારના પ્રભાવથી જ આવા ભયંકર અનિષ્ટને નિર્મૂળ કરી શકાય એમ હતું. આથી સૂરિ ચમત્કાર દેખાડવા કબૂલ થયા. તેમણે ૧૦૮ કામળીઓ મંગાવી અને તેને ઉપરાઉપર ગોઠવીને તેની ઉપર તેઓ પદ્માસને બિરાજ્યા. નવકારવલીનો તેઓ એક એક મણકો ફેરવતા જાય તેમ તેમ તેમના આસન નીચેથી એક એક કામળી કાઢી લેવામાં આવી. નવકારવલીના ૧૦૮ મણકા પૂરા થતાં બધી કામળીઓ ખેંચી લેવાઇ છતાં ગુરુ તો ઊર્ધ્વ સ્થિતિમાં પૂર્વવત્ રહ્યા. આ દૃશ્ય જોઇને લોકો ભારે પ્રભાવિત થયા. ધર્મઘોષસૂરિનો જયઘોષ પ્રકટ્યો ત્યારથી કરવતોને ગંગાનદીમાં પધરાવી દેવામાં આવી. એ પછી કરવત મૂકાવવાની અનિષ્ટ પ્રથા સદંતર નાબૂદ થઇ ગઇ. આવા કુરિવાજને નિર્મૂળ કરાવવાનું શ્રેય ધર્મઘોષસૂરિને ફાળે જાય છે.

દિનકર ભટ્ટ અને તેના અનુયાયીઓએ જૈન ધર્મ સ્વીકારતાં તેમની જ્ઞાતિએ તેમનો સામાજિક બહિષ્કાર કર્યો. લગ્નાદિ બાબતોમાં તેઓ લઘુમતિમાં હોઇને તેમને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, આથી ધર્મઘોષસૂરિએ દિલ્હીનો સંઘ એકત્રિત કરીને નવોદિત જૈનોને ઓશવાળ જ્ઞાતિમાં ભેળવી દેવામાં આવ્યા આ પ્રસંગથી ક્ષત્રિયોની જેમ બ્રાહ્મણોને પણ જૈનધર્મ અંગીકાર કરવાથી ઓશવાળ જ્ઞાતિમાં પ્રવેશ મળ્યો.

વિ. સં. ૧૨૬૯ માં આચાર્ય ભગવંત ભાલાણી નગરમાં પધાર્યા. ત્યાંના પરમાર વંશીય ક્ષત્રિય રણમલના કુંવર હરિયાએ તેમનો ધર્મોપદેશ સાંભળીને જૈન ધર્મ અંગીકાર કરેલો. તેમના ધર્મપરિવર્તન

સંબંધમાં પટ્ટાવલીમાં એક ચમત્કારિક આખ્યાયિકા વર્ણવવામાં આવી છે. નવપરિણિત હરિયાને રાત્રે ઝેરી સર્પે દંશ દેતાં તેનું મરણ થઇ ગયેલું. સ્મશાનભૂમિ પાસે સ્થંડિલ જતાં ચરિત્રનાયકને આ વૃત્તાંતની ખબર પડતાં તેમણે ચિતા ઉપર મૂકાયેલા તેના દેહને જોવાની ઇચ્છા વ્યક્ત કરી. સિદ્ધપુરુષ જાણીને ડાઘુઓએ તેમને હરિયાનો મૃતદેહ બતાવ્યો. કલ્પાંત કરતા સ્વજનો ઘડીભર તો ધર્મઘોષસૂરિની ચેષ્ટાથી શાંત થઇ ગયા. કહેવાય છે કે ગારૂડી મંત્રના પ્રભાવથી ધર્મઘોષસૂરીએ હરિયાના શરીરમાંથી વિષ દૂર કર્યું. થોડી ક્ષણોમાં તો મૃત નવજુવાન સચેતન થઇને આળસ મરડીને બેઠો થયો ! સગાં-વહાલાં આ જોઇને અત્યંત હર્ષિત થયાં.

ધર્મઘોષસૂરિના ઉપદેશથી રણમલજીના કુટુંબે જૈન ધર્મ સ્વીકારતાં તેને ઓશવાળ જ્ઞાતિમાં ભેળવવામાં આવ્યું. હરિયાના વંશજો હરિયા ગોત્રથી પ્રસિદ્ધ થયા વંશવૃદ્ધિ થતાં આ ગોત્રની પણ અનેક પેટા શાખાઓ થઇ.

હરિયાશાહે ધર્મઘોષસૂરિની અપૂર્વ ભક્તિ કરી. તેમના ઉપદેશથી વિ.સં. ૧ ૨ ૬ ૯માં ભાલાણીમાં શ્રી શાંતિનાથ ભગવાનનું તેણે ભવ્ય જિનાલય બંધાવીને બિંબપ્રતિષ્ઠા કરાવી તેણે અનેક ધર્મોત્સવો કર્યા. હરિયાવંશજોએ પણ તેણે પ્રારંભેલાં ધર્મકાર્યો જારી રાખ્યાં. ધૃતલહાણ કરનાર હરિયાશાહના વંશજોનું વર્ણન પ્રાચીન પ્રમાણ -ગ્રન્થોમાંથી ઉપલબ્ધ થાય છે. તેમને કાર્ય-સૌરભ સાથે આ વંશને પ્રતિબોધ આપનાર ચરિત્રનાયક સ્મરણ પણ સદોદિત વણાયેલું રહેશે.

ધર્મઘોષસૂરિના પ્રભાવનું મોજું તેમના જન્મ-પ્રદેશ રાજસ્થાનમાં સવિશેષ પ્રસર્યું હતું. તેમનો આ પ્રદેશમાં સતત ઉગ્ર વિહાર પણ તેમાં કારણભૂત હતો પ્રમાણ-ગ્રન્થોની સંક્ષિપ્ત નોંધો પણ આ સબંધમાં ઘણું કહી જાય છે તેમના ઉપદશેના પરિણામે પાંચસો ભાથિઓ ભાગ્યાં, ઝાલોરમાં બીલ્હ પ્રમુખ અનેક ભાવુકોએ સ્વેચ્છાપૂર્વક જૈન ધર્મ અંગીકાર કર્યો. તેમ જ સાકરિયા શ્રીમાલીઓની સ્થાપના થઇ.

ઝાલોરના ઉપર્યુક્ત પ્રતિબોધ બાદ ધર્મઘોષસૂરિએ દેદાશાહના અત્યાગ્રહથી ચિત્તોડમાં પદાર્પણ કર્યું. એક વખત દેદાશાહની બહેને ઉત્સવ પ્રસંગે ચરિત્રનાયક સમેત બત્રીસ મુનિવર્યોને ગોચરી અર્થે ભાવપૂર્વક નિમંત્રણ આપ્યું. હકીકતમાં તેણીએ ભોજનમાં વિષ ભેળવીને ત્યાગીઓની જિંદગીનો અંત આણવાનું ષડયંત્ર જ રચેલું. ધ્યાનના બળથી ધર્મઘોષસૂરિને આ વાત જાણવામાં આવી ગઇ. તેમણે સૌને ત્યાં ન જવાનું ફરમાવ્યું. આ રીતે અનેક મુનિવર્યોની જિંદગી બચી જવા પામી.

ઉક્ત પ્રસંગથી ચરિત્રનાયકના હૃદયને ઘણો જ આઘાત પહોંચ્યો. ગોચરી માટે ગૃહે ગૃહે પદાર્પણ કરતા અને તે દ્વારા ધર્મના ઉદાત્ત આદર્શોની સૌરભ ફેલાવતા મુનિવર્યોનું જીવન આવા ષડ્યંત્રોનો ભોગ બને તો કોને આઘાત ન થાય ? વિષમ કાળમાં નિર્ગ્રન્થોનો જીવનનિર્વાહ કેમ થઇ શકશે ? આવા તો અનેક વિચારો ચરિત્રનાયકના હૃદયને સ્પર્શી ગયા. ધ્યાનમાં બિરાજેલા ધર્મઘોષસૂરિ સમક્ષ શાસનદેવી ચક્રેશ્વરી દેવી પ્રત્યક્ષ થયાં અને ખાત્રી આપી કે 'હું ભગવાન મહાવીરનું ધર્મશાસન પ્રવર્તમાન રહેશે ત્યા

સુધી વિષમ વેળાએ અંચલગચ્છને સહાય પહોંચાડીશ' એમ પટ્ટાવલીમાં જણાવાયું છે. ટૂંકમાં ઉક્ત પ્રસંગથી સ્તબ્ધ થઇ ગયેલા મુનિવર્યો સમેત ભાવુક શ્રાવક અનુયાયીઓને ચરિત્રનાયકે દૈવીશક્તિ ધર્મપક્ષે રહેશે એવી હૈયાધારણ આપી હશે અને સૌના સંશયોનું નિવારણ કર્યું હશે.

એક પ્રસંગે ધર્મઘોષસૂરિ પોતાના સોળ શિષ્યો સહિત વિહાર કરી રહ્યા હતા. માર્ગમાં તેમને એક દિગંબર મુનિ મળ્યા. તેમણે કવઠિ આદિ ભાર ઉપાડીને ચાલતા મુનિવૃંદને સંબોધીને મશ્કરી કરી કે ''આ સૈન્ય કોના ઉપર ચઢાઇ લઇ જાય છે ?'' હાજરજવાબી ગુરુએ પણ આ ટોંણાનો તરત જ વળતો જવાબ વાળ્યો કે- ''એક સગોત્રી નગ્ન થયો હોવાનું સાંભળ્યું છે તેના ઉપર !''ચરિત્રનાયકના આવા સણસણતા માર્મિક વચનથી દિગંબર મુનિ પ્રભાવિત થઇને તેમને પગે પડ્યા. ધર્મઘોષસૂરિના શિષ્ય તરીકે તેઓ જીવનભર રહ્યા.

મેવાડ અંતર્ગત ઝાડાપલ્લીગચ્છના જયપ્રભસૂરિ આચાર્ય સાથે ધર્મઘોષસૂરિનો સંપર્ક થતાં તેમનું આ પ્રથમ મિલન તેમની વચ્ચે સદાને માટે ગુરુ-શિષ્યની ગાંઠ બાંધતું ગયું ! ચરિત્રનાયકના વાક્ચાતુર્યથી ચમત્કૃત થઇને જયપ્રભસૂરિએ અંચલગચ્છની સામાચારી સ્વીકારી લીધી. ધર્મઘોષસૂરિએ તેમને યોગોદ્વહન કરાવ્યું, સિદ્ધાન્ત વગેરે ભણાવ્યું, આચાર્યપદ આપ્યું. તેમના શ્રાવકો પણ અંચલગચ્છમાં આવ્યા.

જયપ્રભસૂરિના પ્રતિબોધ પ્રસંગો ભટ્ટગ્રન્થોમાંથી મળે છે. વિ.સં. ૧૨૦૮માં હસ્તિતુંડમાં જયસિંહસૂરિએ અનંતસિંહને પ્રતિબોધ આપેલો. અન્ય ઉલ્લેખો પ્રમાણે ત્યાં જયપ્રભસૂરિનું નામ છે. એ જ રીતે વિ.સં. ૧૨૨૪માં લોલાડાના રાઉત ફણઝરને જયસિંહસૂરિએ પ્રતિબોધેલો ત્યાં પણ એમનું નામ આવે છે. વિ. સં. ૧૨૬૬માં ઝાલોરના ચૌહાણ વંશીય ભીમ નામના રાજપૂતે ધર્મઘોષસૂરિના ઉપદેશથી ડોડ ગામમાં શ્રી વાસુપૂજ્ય ભગવાનનું મંદિર બંધાવ્યું હતું ત્યાં પણ પ્રતિબોધક અને ઉપદેશક આચાર્ય તરીકે જયપ્રભસૂરિનું નામ મળે છે.શક્ય છે કે ગુરુ સાથે તેઓ ત્યાં ઉપસ્થિત રહ્યા હોય. ગમે તેમ હો ધર્મઘોષસૂરિના શિષ્ય જયપ્રભસૂરિ પણ એક પ્રભાવક આચાર્ય થઇ ગયા તેમાં શંકા નથી.

વિદ્યાધરગચ્છના અધિપતિ સોમપ્રભસૂરિએ સિંહપુરનગરમાં ચરિત્રનાયકને પોતાના ગુરુપદે સ્થાપેલા. પ્રાચીન પ્રમાણ ગ્રન્થોમાંથી મળતો આ ઉલ્લેખ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ચરિત્રનાયકના પ્રભાવક વ્યક્તિત્ત્વનું એ દ્વારા આપણને સ્પષ્ટ દર્શન થઇ શકે છે. ધર્મઘોષસૂરિએ સોમપ્રભસૂરિને યોગોદ્વહન કરાવ્યું અને શિષ્ય તરીકે સ્વીકાર્યા. વિદ્યાધરગચ્છના શ્રાવકો ઉક્ત પ્રસંગે અંચલગચ્છીય થયા.

ધર્મઘોષસૂરિના ઉપદેશથી અનેક મહત્ત્વપૂર્ણ પ્રતિષ્ઠાઓ સંપન્ન થઇ હોવાનાં પ્રમાણો સાંપડે છે. અંચલગચ્છીય પટ્ટાવલીની એક પ્રાચીન હાથપ્રતમાં નોંધ છે કે- ''વિ. સં. ૧૨૩૬ મહિમદાવાદી પાર્શ્વ પ્રતિષ્ઠા ધર્મઘોષસૂરીણા'' આ અલ્પ ઉલ્લેખ ઘણો મહત્ત્વનો છે. આ પટ્ટાવલીની નોંધમાં સેંકડો વર્ષોના મહત્ત્વના પ્રસંગોનો જ ઉલ્લેખ હોઇને આ પ્રતિષ્ઠાનો પ્રસંગ એ વખતના યાદગાર પ્રસંગોમાંનો એક હશે એમ કહી શકાય.

શ્રી જીરાપલ્લી તીર્થમાં વિ.સં. ૧ ૨ ૩ ૬ ના અષાઢ વદિ ૮ ને ગુરુવારે ઉકેશ જ્ઞાતિય આંબડના પુત્ર જગસિંહના પુત્ર ઉદય, ભાર્યા ઉદયાદેના પુત્ર નેણે ધનમલના શ્રેયાર્થે ધર્મઘોષસૂરિના ઉપદેશથી દેવકુલિકા કરાવી એમ પ્રતિષ્ઠા-લેખ દ્વારા જાણી શકાય છે. શ્રી જીરાપલ્લી તીર્થનો મહિમા એ અરસામાં અસાધારણ હતો. અંચલગચ્છાધિપતિઓએ આ તીર્થના વિકાસમાં પોતાનો આગવો ફાળો નોંધાવ્યો છે, જેમાં મેરુતુંગસૂરિ, જયકીર્તિસૂરિ અને જયકેશરસૂરિનું કાર્ય આ તીર્થના ઇતિહાસમાં અવિસ્મણીય રહેશે.

ચરિત્રનાયકના આધ્યાત્મિક શાસન દરમિયાન નાની -મોટી અનેક ઘટનાઓ બની. અહીં એનું સંક્ષિપ્ત દર્શન પ્રસ્તુત છે. : મંત્રી કપર્દીના વંશજ નાના વિસલ નામના શ્રેષ્ઠીએ ધર્મઘોષસૂરિના ઉપદેશથી એક લાખ ટંક ખરચીને પોતાના એકવીસ મિત્રો સહિત દીક્ષા લીધેલી. ધર્મઘોષસૂરિના પ્રભાવશાળી શ્રાવકોમાં રાજમાન્ય જેતાશાહનું નામ પણ ઉલ્લેખનીય છે. વિ.સં. ૧ ૨ ૩ ૬ માં બરડા ડુંગર પાસે ધુમલી ગામમાં તેણે દોઢ લાખ ટંક ખરચીને જેતાવાવ બંધાવી હતી. ત્યાંના રાણા વિક્રમાદિત્ય તરફથી તેને ઘણું માન મળ્યું હતું.

ધર્મઘોષસૂરિની કારકિર્દીનું મુખ્ય અંગ છે એમનો વ્યાપકવિદ્યાવ્યાસંગ. અંચલગચ્છની જ્ઞાનપ્રવૃત્તિનો સૂત્રપાત કરનાર તેઓ પ્રથમ સારસ્વત પટ્ટધર હતા. સો ગ્રન્થોથી અધિક ગ્રન્થોના રચયિતા તરીકે તેમની કીર્તિ પ્રસરેલી હતી એમ પ્રાચીન પ્રમાણો દ્વારા જાણી શકાય છે. કોઇક સ્થાને એમને મહાકવિ પણ કહ્યા છે આ બધા ઉલ્લેખો એમના પાંડિત્યને સૂચિત કરે જ છે. દુર્ભાગ્યનો વિષય એ છે કે એકાદ અપવાદ સિવાય એમનો એક પણ ગ્રન્થ આજે ઉપલબ્ધ બની શક્યો નથી. તેમણે મુખ્યત્વે ચરિત્રાત્મક ગ્રન્થો રચેલા એ સંબંધક મહત્ત્વપૂર્ણ ઉલ્લેખ એક સ્થાનેથી મળે છે. તે સિવાય તેમની સાહિત્ય પ્રવૃત્તિ વિશે વિશેષ કશું જાણી શકાતું નથી.


વિ. સં. ૧ ૨ ૬ ૩ માં ધર્મઘોષસૂરિએ પ્રાકૃતમાં શતપદી નામક ગ્રન્થની રચના કરી. સામાચારી વિષયક આ ગ્રન્થ ઘણો ગહન હોઇને તેમના પટ્ટશિષ્ય મહેન્દ્રસિંહસૂરિએ તેની સંસ્કૃતમાં સરળ આવૃત્તિ રચી. અંચલગચ્છની માન્યતાઓનો સ્પષ્ટ ખ્યાલ આ ગ્રન્થ પરથી આવી શકશે ધર્મઘોષસૂરિએ એ માન્યતાઓની સમીક્ષા આગમગ્રન્થોનો આધાર આપીને કરી છે. એમની આવી તાત્ત્વિક સમીક્ષા પરથી તેમના વિશાળ વાંચન, મનન અને ચિંતનનો પણ ખ્યાલ મળી રહે છે.


શતપદીના મંગલાચરણ પરથી જાણી શકાય છે કે કોઇ એક આચાર્યે મનમાં ગર્વ ધારણ કરીને સો પૂર્વપક્ષ ઊભા કર્યા, જેના ધર્મઘોષસૂરિએ સિદ્ધાન્તોના પુરાવા આપીને, ક્યાંક ઘટતી યુક્તિઓ તથા સિદ્ધાન્તાનુસારી ગ્રન્થોનો આધાર લઇને પ્રત્યુત્તરો વાળ્યા. એ ઘટનાથી પ્રસ્તુત ગ્રન્થોનો જન્મ થયો એમ ગ્રન્થની પીઠિકામાંથી ઉલ્લેખ મળી શકે છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ આ ગ્રન્થની શૈલીને રોમન ધારાશાસ્ત્રીઓની પદ્ધતિ સાથે સરખાવી છે. આ ગ્રન્થ દ્વારા ધર્મઘોષસૂરિને અપૂર્વ કીર્તિ પ્રાપ્ત થઇ છે. અંચલગચ્છ શું છે ? તેનો વિચારદેહ શું છે ? તેનો વારસો શું છે ? તેના આદર્શો શું છે ? ઇત્યાદિ બધા જ પ્રશ્નોના જવાબ આ


એક જ ગ્રંથમાંથી મળી શકે એમ છે.


ગ્રન્થના અંતિમ અધ્યાયમાં અંચલગચ્છની સમાચારીને અન્ય ગચ્છોની સમાચારી સાથે સરખાવવામાં આવી છે. આવી તુલનાત્મક સરખામણી દ્વારા તત્કાલીન વિચારધારાનું પરિમાર્જિત સ્વરૂપ આપણી સમક્ષ ખડું થાય છે. આવી સરખામણીમાં પણ લેખકે ક્યાંયે વિતંડાવાદનો આશ્રય લીધો નથી કે કોઇ પક્ષનું નિષેધાત્મક ખંડન કર્યું નથી. ધર્મઘોષસૂરિનો અભિગમ કેવો રચનાત્મક હતો તેની ઝાંખી આ ગ્રન્થ દ્વારા અવશ્ય થઇ શકશે. ચિન્તનશીલ સાહિત્યમાં આ ગ્રંથ નવી જ ભાત પાડે છે. અને એ દૃષ્ટિએ તેનું મૂલ્ય અનેકગણું છે.


વિ.સં. ૧૨૬૮માં ૬૦ વર્ષનું આયુ પાળીને ચરિત્રનાયક તિમિપુરમાં અણસણપૂર્વક કાળધર્મ પામ્યા. આ તૃતીય પટ્ટધરની વિદાયથી અંચલગચ્છના ઉદય-કાળની પ્રભાવક ત્રિપુટીનો યુગ પૂરો થયો. એ તબક્કાનું વ્યાવર્તક લક્ષણ એ હતું કે એ દરમિયાન આ ગચ્છના સ્વરૂપનો આકાર સંપૂર્ણપણે ઘડાઇ ગયો હતો તેમ જ ગચ્છ સુદૃઢ પાયા ઉપર મૂકાઇ ગયો હતો, આ પ્રસ્થાનમાં ધર્મઘોષસૂરિનું યોગદાન સુવર્ણાક્ષરે નોંધાશે એમાં શંકા નથી.



स्वस्तिक



कुंभ



वर्धमानक


मीन युगल


नंदावर्त


सिंहासन


श्रीवत्स


दर्पण

# ગુણસ્થાન ક્રમારોહ

આધાર ગ્રંથ - ગુણસ્થાન ક્રમારોહ - પૂ. આ. રત્નશેખરસૂરિ

## શૈલેશીકરણ

शैलेषीकरणारंभी, वपुर्योगेससूक्ष्मके ।
तिष्टन्नुद्धर्वास्पदंशीघ्रं योगातीतंयियासति ।।१०२।।

કેવલી ભગવન્ત જેમનું આયુષ્ય ફક્ત પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલું જ છે તથા પર્વત સમાન જેમનું શરીર નિશ્ચલ છે એમને શુક્લધ્યાનના ચોથા પાયાના ધ્યાન સ્વરૂપે શૈલેશીકરણ હોય છે.

સૂક્ષ્મ કાયા યોગમાં રહીને પર્વતની જેમ સ્થિર રહેવું એજ શૈલેશીકરણ છે. આ શૈલેશીકરણનો પ્રારંભ કરીને ચૌદમા અયોગી ગુણસ્થાને જવાની તૈયારી કરે છે.

સયોગી કેવલી ગુણસ્થાનના અંતે શું બને છે તે જણાવે છે-

अस्यांतेंगोदयच्छेदात स्वप्रदेश घनत्वत: ।
करोत्यं त्यांगसंस्थान त्रिभागोनावगाहनम् ।।१०३।।

આ સયોગી ગુણસ્થાનના અંતમાં અંતિમ સમયે ઔદારિક દ્વિક, વિહાયોગતિ દ્વિક, પ્રત્યેક ત્રિક, સંસ્થાન ષટ્ક, અગુરુલઘુ ચતુષ્ક, વર્ણાદિ ચતુષ્ક, નિર્માણ નામ કર્મ, તેજસ કાર્મણ દ્વિક, પ્રથમ સંઘયણ, સ્વર દ્વિક, એક વેદનીય આ ત્રીસ પ્રકૃતિઓનો ઉદયમાં વિચ્છેદ થાય છે. અંગોપાંગના ઉદયનો વિચ્છેદ થવાથી જે અંતમાં અંગની અવગાહના હતી તેથી ત્રિભાગન્યુન અવગાહના કરે છે. સામાન્યથી શરીર આખામાં આત્મા વ્યાપ્ત હોય છે પરંતુ અહીં તેના પોલાણના ભાગો પુરાઇ જતાં $1/3$ ભાગ ઘટીને $2/3$ ભાગનો ઘન રહે છે. (શરીર છ ફૂટનું હોય તો $1/3$ એટલે ૨ ફુટ ઓછું થઇને $2/3$ એટલે ૪ ફુટની અવગાહના રહે છે.)

આ ગુણસ્થાનકમાં એક માત્ર વેદનીય કર્મનો બન્ધ છે. બેંતાલીસ પ્રકૃતિઓનો ઉદય છે અને પંચ્યાશી (૮૫) પ્રકૃતિની સત્તા હોય છે.

## (૧૪) અયોગી ગુણસ્થાન

अथायोगिगुणस्थाने, तिष्ठतोऽस्य जिनेशितु: ।
लघुपंचाक्षरोचारोच्चार, प्रतितैवास्थितिर्भवेत् ।।१०४।।

કેવલી ભગવંત જ્યારે સૂક્ષ્મ કાયયોગને રુંધે છે ત્યારે જ આત્માને શરીરથી છૂટું પાડવાનું મહત્વનું

કાર્ય થઇ ગયેલું હોય છે. બાકી કર્મોનો ક્ષય થતાં જ એક સમયમાં આત્મા સિદ્ધશીલા ઉપર પહોંચી જાય છે. ચૌદમાં ગુણસ્થાનકની સ્થિતિ જ પાંચ હ્રસ્વાક્ષર **અ, ઇ, ઉ, ઋ, લૃ** બોલીએ એટલીજ હોય છે.

तत्रानिवृत्तिशब्दान्तुंसमुच्छिन्नक्रियात्मकम् ।
चतुर्थंभवतिध्यान-मयोगिपरमेष्ठिनः ।।१०५।।

અયોગી ભગવંતને અયોગી ગુણસ્થાનકે સમુચ્છિન્નક્રિયા નામનું ચોથું શુકલધ્યાન હોય છે. જેનું સ્વરૂપ આગળ જણાવવામાં આવશે. આ ધ્યાનના અંતમાં અનિવૃત્તિ શબ્દ છે. એટલે ધ્યાનનું નામ સમુચ્છિન્નક્રિયા અનિવૃત્તિ એવું થાય છે.

समुछिन्नाक्रियायत्र सूक्ष्मयोगात्मिकापिहि ।
समुछिन्नक्रियंप्रोत्त्कं, तद्द्वार मुक्ति वेश्मनः ।।१०६।।

જે ધ્યાનમાં સૂક્ષ્મ કાયયોગ રૂપ ક્રિયાની સર્વથા નિવૃત્તિ થાય છે, તે ધ્યાન સમુછિન્ન ક્રિયા નિવૃત્તિ કહેવાય છે. આ ધ્યાન મુક્તિ મહેલના પ્રવેશદ્વાર સમાન છે.

શિષ્ય દ્વારા કરવામાં આવેલા પ્રશ્ન જણાવે છે-

देहास्तित्वेस्त्ययोगित्वं कथतद्घटतेप्रभो ।
देहाभावेतथाध्यानं, दुर्घटं घटते कथम् ।।१०७।।

શિષ્ય ગુરુને પ્રશ્ન પૂછે છે- '' હે સ્વામીન્ ! સૂક્ષ્મ કાયયોગ હોવા છતાં અયોગી પણું કેવી રીતે ઘટી શકે ? ''

સૂક્ષ્મકાય યોગનો પણ અભાવ હોય તો ધ્યાન કેવી રીતે સંભવી શકે ? દેહના અભાવમાં ધ્યાનનો પણ અભાવ હોવો જોઇએ કારણ કે દેહવિના ધ્યાન ન થઇ શકે.

આચાર્ય ભગવંત શિષ્યના પ્રશ્નનો જવાબ આપે છે-

वपुषोत्रातिसूक्ष्मत्वा च्छीघ्रेभाविक्षयत्वतः ।
कायाकार्यसमर्थत्वात् सतिकायेप्ययोगता ।।१०८।।
तच्छरीराश्रयाद्ध्यान मस्तीतिनविरुद्यते ।
निजशुद्धात्मचिद्रुप निर्भरानन्दशालिन ।।१०९।।

હે શિષ્ય ! આ અયોગી ગુણસ્થાનનો સૂક્ષ્મ કાયયોગ છે તો પણ તે અયોગી કહેવાય છે કારણ કે ત્યાં કાયયોગની અત્યંત સૂક્ષ્મતા છે. તેમજ એ સૂક્ષ્મકાયયોગનો જલ્દીજ નાશ થવાનો છે. તેમજ આ સૂક્ષ્મકાયયોગ કાર્યનું સાધન બનવામાં અસમર્થ છે. તેથી જ તે સૂક્ષ્મકાયયોગ હોવા છતાં અયોગી કહેવાય છે.

શરીર હોવાથી અથવા સૂક્ષ્મ કાયયોગનો આશ્રય કરવા છતાં ધ્યાન હોય એમાં કોઇ વિરોધ ન હોઇ

શકે. અયોગી ગુણસ્થાનવર્તી પરમેષ્ઠિ છે તે પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં અત્યંત આનંદ માણે છે એટલે એને ધ્યાન કહેવામાં પણ કાંઇ અયોગ્ય નથી.

## ધ્યાનમાં નિશ્ચય – વ્યવહાર

आत्मानमात्मनात्मैव, ध्याताध्यायति तत्वत: ।
उपमचारस्तदन्योहि, व्यवहारनयाश्रित: ।।११०।।

અયોગી ગુણસ્થાનવર્તી કેવલી ભગવંત નિશ્ચયનયથી જે વિચારે છે તે તો પોતાની આત્મદ્રવ્યદ્વારા આત્માનું જ ધ્યાન કરે છે અને જે અષ્ટાંગ યોગ ધ્યાન છે તે તો કેવળ વ્યવહારમાત્ર છે.

चिद्रूपात्ममयोगोगी, न्युपान्त्यसमये द्रुतम् ।
युगपत्षपयेत् कर्म-प्रकृतिनां द्विसप्ततिम् ।।१११।।

અયોગી ગુણસ્થાનવર્તી કેવલજ્ઞાની યોગી અયોગી ગુણસ્થાનના ઉપાંત્ય સમયમાં સમકાળે બહુંતેર (૭૨) કર્મ પ્રકૃતિઓને ખપાવે છે.

આ બહુંતેર પ્રકૃતિઓ કઇ કઇ છે તે જણાવે છે-

देह बंधन संघाता प्रत्येकंपंचपंच च ।
अंगोपांगत्रगयं चैव, षट्कसंस्थान संज्ञकम् ।।११२।।

શરીર$_{૫}$, બંધન$_{૫}$, સંઘાતન$_{૫}$, અંગોપાંગ$_{૩}$, સંસ્થાન$_{૬}$, આ ૨૪ પ્રકૃતિ.

वर्णा: पंच रसा: पंच, षट्कंसंहननात्मकम् ।
स्पशघ्रष्टकं च गंधौ द्वौ, नीचानदियदुर्भगम् ।।११३।।

પાંચ વર્ણ$_{૨૯}$, પાંચ રસ$_{૩૪}$, છ સંઘયણ$_{૪૦}$, આઠ સ્પર્શ$_{૪૮}$, બે ગંધ$_{૫૦}$, નીચ ગોત્ર$_{૫૧}$, અનાદેય નામ કર્મ$_{૫૨}$, તથા દૌર્ભાગ્ય નામ કર્મ$_{૫૩}$.

तथागुरुलघुत्वाख्य-मुपघातोन्यघतिता: ।
निर्माणमयपर्याप्त-मुच्छावासश्वायशस्तथा ।।११४।।

અગુરુલઘુ નામ કર્મ$_{૫૪}$, ઉપઘાત નામકર્મ$_{૫૫}$, પરાઘાત નામ કર્મ$_{૫૬}$, નિર્માણનામ કર્મ$_{૫૭}$, અપર્યાપ્ત નામ કર્મ$_{૫૮}$, શ્વાસોશ્વાસ નામ કર્મ$_{૫૯}$, તથા અયશ નામ કર્મ$_{૬૦}$,

विहायोगतियुग्मंच, शुभास्थैर्यद्वयंपृथक् ।
गतिर्दिव्यानुपूर्वीच, प्रत्येकंच स्वरद्वयं ।।११५।।

શુભવિહાયો ગતિ$_{૬૧}$, અશુભવિહાયો ગતિ$_{૬૨}$, શુભ નામ કર્મ$_{૬૩}$, અશુભ નામ કર્મ$_{૬૪}$, સ્થિર નામ કર્મ$_{૬૫}$, અસ્થિર નામ કર્મ$_{૬૬}$, દેવગતિ$_{૬૭}$, દેવાનુપૂર્વી$_{૬૮}$, પ્રત્યેકનામ કર્મ$_{૬૯}$, સુસ્વરનામ કર્મ$_{૭૦}$, તથા દુઃસ્વર નામ કર્મ$_{૭૧}$,

**वेद्यमेकतरंचेति, कर्मप्रकृतय:खलु ।**
**द्वासप्ततिरिमामुक्तिअपुरीद्वारार्ग लोपमा: ।।११६।।**

એક શાતા અથવા અશાતા વેદનીય આ બહુંતેર પ્રકૃતિઓ ચૌદમા ગુણસ્થાનનો એક સમય બાકી હોય એથી પૂર્વે ખપાવે છે. આ બહુંતેર પ્રકૃતિઓ કેવી છે તે જણાવતા કહે છે કે આ પ્રકૃતિઓ મુક્તિનારીના દ્વારના અર્ગલા (આંગળીયા) સમાન છે. જેવી રીતે દરવાજાની પાછળ રહેલ અર્ગલા લગાડવાથી ખોલવું કઠીન બની જાય. એવી જ રીતે જ્યાં સુધી આ બહુંતેર પ્રકૃતિઓ રહે છે ત્યાં સુધી જીવ મુક્તિનગરીમાં પ્રવેશ કરી શકતો નથી. તેથી તે અર્ગલા સમાન છે.

**अन्त्येह्येकतरंवेद्यंध - मादेयत्वंचपूर्णता।**
**त्रसत्वंबादरत्वंहि मनुष्यायुश्वसद्यश: ।।११७।।**

અયોગી કેવલી ગુણઠાણના અંત સમયને વિષે કેવલી ભગવંત વેદનીય એક $_{1}$, આદેયનામ કર્મ $_{2}$, પર્યાપ્ત નામ કર્મ $_{3}$, ત્રસ નામ કર્મ $_{4}$, બાદર નામ કર્મ $_{5}$, મનુષ્યાયુ $_{6}$, યશ નામ કર્મ $_{7}$, આ પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

**नृगतिश्चानुपूर्वीच, सौभाग्यंचोच्चगोत्रता ।**
**पंचाक्षत्वंतथा तीर्थ-कृन्नमेतित्रयोदश ।।११८।।**

તથા મનુષ્યગતિ નામ કર્મ $_{8}$, મનુષ્યાનુપૂર્વી નામ કર્મ $_{9}$, સૌભાગ્ય નામ કર્મ $_{10}$, ઉચ્ચગોત્ર $_{11}$, પંચેન્દ્રિય જાતિ નામ કર્મ $_{12}$, તથા તીર્થંકર નામ કર્મ $_{13}$, એ તેર પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

**क्षयंनीत्वासलेकान्तं, तत्रैवसमयेव्रजेत् ।**
**लब्धासिद्धत्वपर्याय: परमेष्ठीसनातन: ।।११९।।**

કેવલી ભગવંત ચૌદમા ગુણસ્થાનકના અંત સમયે પૂર્વે કહેલી તેર પ્રકૃતિઓનો ક્ષય કરીને એક સમયમાં લોકના અંતમાં રહેલા સ્થાનમાં જાય છે... મુક્તિમાં જાય છે. સિદ્ધ પર્યાયને પ્રાપ્ત કરે છે.

ભાગ-૧

# મદ અને માનવી

જન્મ અને મરણની વચ્ચે મળેલી થોડી પળો એજ જીવન છે. પ્રાણી માત્ર જન્મથી નવા-નવા સપના સજે છે... પુણ્યનો સથવારો મળે તો ક્યારેક સપના પૂરા થાય છે... સફળ થાય છે... ક્યારેક પાપનો ઉદય આપણા સામાન્ય સપનાને પણ સાકર થવા દેતો નથી. પુણ્ય અને પાપના ઉદયથી સફળતા અને નિષ્ફળતામાં અટવાયેલું આપણું જીવન ક્યારેક નિષ્ફળતામાં હતાશા અનુભવે છે. તો ક્યારેક સફળતામાં અભિમાનમાં અક્કડ બની જાય છે. પણ એને સ્વપ્નમાં પણ ખ્યાલ નથી હોતો કે પુણ્ય દ્વારા પ્રાપ્ત થયેલ વસ્તુનું અભિમાન કરવાથી... મદ કરવાથી ભવાંતરમાં એક જ વસ્તુ દુર્લભ બની જાય છે... મળી જ જાય તો હીન મળે છે...

આપણા જીવનમાં નજર કરીએ આપણે ક્યાંક આવા કોઇ અભિમાનમાં... મદમાં પાગલ તો નથી બન્યા ને ?

પુણ્યના ઉદયથી રૂપ મળી જાય...

પુણ્યના ઉદયથી ઋદ્ધિ મળી જાય...

પુણ્યના ઉદયથી લબ્ધિ મળી જાય...

પુણ્યના ઉદયથી જ્ઞાન મળી જાય...

ફક્ત મળી જવાથી રાજી થઇ જવાનું નથી. વસ્તુને મેળવ્યા પછી એને પચાવવાની તાકાત જરૂરી છે.... જો પચાવવાની તાકાત ન હોય તો અપચો થઇ જાય... વસ્તુ આપણને લાભ આપવાને બદલે હાનિકારક બની જાય.... એટલે જ તો મહાપુરુષોએ અદ્‌ભૂત સિદ્ધાંતો બતાવ્યા છે. જ્ઞાનની પ્રાપ્તિ એ તો સાધન છે સાધ્ય તો એક માત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ, જ્ઞાન મોહનીય કર્મનો ક્ષય કે ઉપશમન ન કરે તો એ જ્ઞાન અજ્ઞાન છે. આવું જ્ઞાન ક્યારે પણ આત્માનું કલ્યાણ ન કરી શકે...

જિનેશ્વર પરમાત્માનું જયવંતુ શાસન આપણને સાદ પાડી રહ્યું છે- માનવ ! મોહની નિદ્રામાંથી જાગ... મળેલી આ જીવનની પળોનો સદુપયોગ કરી લે... એક વખત હાથમાંથી ચાલી જશે તો ફરી મળવી મુશ્કેલ છે...

જયવંતુ જિનશાસન પામીને... જાણતા-અજાણતાં જે મદમાં ફસાયા એ સામગ્રી પામીને પણ હારી

ગયા અને જ્યારે એજ જીવો મદમાંથી બહાર નીકળ્યા ત્યારે એમને આત્મ કલ્યાણની કેડી મળી ગઇ. જીવનમાં આપણને શું મળ્યું ? શું નથી મળ્યું ? એ મહત્વનું નથી પણ જે મેળવ્યું એના દ્વારા આત્મકલ્યાણ કેટલું સાધ્યું ? એજ વિચારણીય છે.

મદ કેવા કેવા પ્રકારના છે અને એમાં ફસાયેલા જીવો કેવી રીતે બહાર નિકળ્યા અને મોંઘેરા માનવભવને સફળ કરવા કેવા આગળ વધ્યા એની સુંદર વાત કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજે સમજાવી છે.

આવો ! આપણે સમજવા પ્રયત્ન કરીએ.

**जातिलाभकुलैश्वर्यबलरुपतपः ।**
**कुर्वन मदं पुनस्तानि हीनानि लभते जनः ।।**

**-હેમચંદ્રાચાર્ય**

જાતિ, લાભ, કુલ ઐશ્વર્ય, બલ, રૂપ, તપ, તથા શ્રુત આ આઠનો મદ કરવાથી ભવાંતરમાં તે વસ્તુઓ હીન મળે છે... નબળી મળે છે...

# જાતિ-મદ

**હું ઉત્તમ જાતિનો છું એવું અભિમાન રાખવું... ફાંકો રાખવો... મદ કરવો તે જાતિ મદ કહેવાય છે.**

આવા પ્રકારના જાતિ મદને કારણે જ હરીકેશી મુનિ ચાંડાળ કુળમાં જન્મ્યા હતા.

આજે આપણા જીવન તરફ જોતાં આપણને ખ્યાલ આવશે કે આપણા પૂર્વજો કરતાં.. આપણા આજુ બાજુના વ્યક્તિઓ કરતાં... આપણા સ્નેહી સ્વજનો કરતાં આપણા જીવનમાં કાંઇક કમી છે... ક્યાંક ખામી છે...

ક્યારેક આપણાથી બીજા રૂપમાં ચડી જાય છે... આપણને આપણા રૂપમાં ખામી દેખાય છે... ચડીયાતા રૂપને પામવાની આપણે કોશિશ કરીએ છીએ... ગલી ગલીમાં દેખાતા બ્યુટી-પાર્લર આજ વાત બતાવી આપે છે કે આપણું રૂપ જોઇએ તેવું નથી..

ક્યારેક આપણને આપણા બળમાં ખામી દેખાય છે... આપણે અશક્ત છીએ... બીજા બળવાન છે એવું લાગે છે.... બળ અને તાકાત પામવા... મેળવવા આ જીવ કેટલી જાતના ચાટણ ખાય... કેટલી શક્તિવર્ધક ગોળીઓ ખાય... કેટલાક ટોનિક પીએ છે... ક્યાંક કસરત કરવા જાય છે.. યોગ કરવા જાય છે... શિયાળો આવે તો બદામ પાક... સાલમ પાક અને અડદિયા પાક ખાઇને બળ મેળવવા ફાંફાં મારે છે...

ક્યાંક કોઇને માસક્ષમણ કરતાં જોઇને પોતે એમ કરવા ધારે છે પણ એક ઉપવાસમાં લાંબો થઇ જાય છે... તપમાં ક્યારેય આગળ વધી શકતો નથી...

શાસ્ત્રાભ્યાસમાં... ગાથાઓ ગોખવામાં ઘણી મહેનત છતાં પરિણામ શુન્ય આવે છે... ઇચ્છા હોય-પ્રયત્ન હોય છતાં નિષ્ફળતા મળે છે...

આવી બધી વાતો તો આપણા રોજીંદા વ્યવહારમાં જોવા... સાંભળવા અને અનુભવવા મળે છે પણ આપણે આ બધા પાછળના કારણો શોધવા ક્યારેય પ્રયત્ન નથી કર્યો... આ બધાનું રહસ્ય અહીં પૂજ્યપાદ હેમચંદ્રાચાર્યે પ્રગટ કર્યું છે. કોઇ પણ પ્રકારનું અભિમાન ગર્વ કરતાં પહેલા વિચારવા જેવું છે કે આનું પરિણામ શું આવશે ?

# લાભ-મદ

**સત્તા અને સંપત્તિની પ્રાપ્તિ થતાં અભિમાન કરવો... સત્તા-સંપત્તિનો ફાંકો રાખવો... મદ કરવો તે લાભ મદ કહેવાય છે....**

કોણિક તથા સુભૂમ ચક્રવર્તી સત્તા મદમાં આવ્યા જેના કારણે પોતાના પ્રાણ ગુમાવી દુર્ગતિને પામ્યા...

આજે તો સત્તાનો મદ ડગલે-પગલે જોવા મળે છે. કોણિકને સત્તાનો મદ એવો હતો કે એણે મદમાં આવીને પ્રભુ મહાવીરના પરમ ઉપાસક ચેડા રાજા સાથે યુદ્ધ કર્યું જેમાં લાખો માનવીઓની હિંસા થઇ. એકદા પ્રભુ મહાવીરસ્વામીએ એને આયુષ્ય પુરું થતા પરલોકમાં ''છટ્ઠી નારકી'' જઇશ એવું કહ્યું ત્યારે અભિમાનથી કહ્યું '' મને છટ્ઠી નારકી જ કેમ ? સાતમી નહીં ?

એકદા પ્રભુ મહાવીરસ્વામીનું ભવ્ય સામૈયું કાઢનાર શ્રાવક કોણિકની આવી અધમ મનોદશાનું કારણ લાભમદ હતો.

આવા મદમાં અનેકાને જીવો માર્ગ ભૂલી જાયછે. ન બાંધવા જેવા કર્મ બાંધી લે છે...

સુભૂમ પણ ચક્રવર્તી હતો... ૬ ખંડનો સ્વામી હતો...

૧૪ રત્ન હાજર હતા... સોળ હજાર દેવ સેવામાં હાજર હતા... છતાં લાભ મદમાં કેવા પરિણામનો ભોગ બન્યા ?

**સુભૂમ નામે આઠમો ચક્રી, કર્મે સાયર નાંખ્યો,**
**સોળ સહસ યક્ષે ઉભાં દીઠો, પણ કીણહી નવિ રાખ્યો...**

સોળ હજાર દેવોને એકજ સમયે સાગર ઉપર રત્નને છોડવાનો વિચાર આવ્યો અને સુભૂમ ચક્રવર્તી સાગરમાં ડૂબી દુર્ગતિના ભાગી બન્યા...

લંકાપતિને પણ પુણ્યથી મળેલા સંપત્તિ અને સત્તાનું અભિમાન થયું અને સુવર્ણની લંકાનો સ્વામી નરકગતિમાં ચાલ્યો ગયો. શું આપણે આપણી જાતને આવી દુર્ગતિથી અટકાવવી છે ?... શું આપણને

સદ્ગતિ તરફ પ્રયાણ કરવું છે ? તો આવા કોઇ પણ મદનો ભોગ ન બની જઇએ એ માટે સતત જાગૃતિ... સાવધાની રાખવાની જરૂર છે.

ગર્વ... અહંકાર કે અભિમાન કોઇનું ટક્યું નથી... એણે ક્યારેય કોઇની સદ્ગતિ થવા દીધી નથી. લાભ મદ જેવો જ આત્માને દુર્ગતિ તરફ ખેંચી જનાર કુલ મદ છે...

# કુળ-મદ

આઠ પ્રકારના મદમાં કુળ-મદ ત્રીજા સ્થાને આવે છે. જાતિ મદ અને લાભ મદનો પરિચય કર્યા પછી હવે કુળ મદ સમજીએ.

હું એવો... મારા વડીલ આવા... અમારું કુળ આવું આ પ્રકારે કુળનું અભિમાન... ફાંકો કે મદ રાખવો તે કુળ મદ છે.

પ્રભુ મહાવીર સ્વામિના જીવે મરિચીના ભવમાં કુળનો મદ કર્યો... જેથી નીચ ગોત્ર કર્મ બાંધ્યું; અનેક ભવમાં ભોગવવું પડ્યું..

દેવાધિદેવ આદિનાથ ભગવંતને વંદના કરી ભરત મહારાજાએ પ્રશ્ન પુછ્યો- ''પ્રભુ ! આપના સમવસરણમાં કોઇ ભાવિ તીર્થંકર થનાર આત્મા છે ?''

પ્રભુ આદિનાથ ભગવંતે જવાબ આપ્યો- ''ભરત ! આ મરીચિ, જે ત્રિદંડીના વેશમાં દેખાય છે તે આગળ જઇને આ અવસર્પીણી કાળમાં, આજ ભરત ક્ષેત્રમાં છેલ્લા એટલે ચોવિસમાં તીર્થંકર થશે !''

ભરત મહારાજા આનંદ પામ્યા... દેવાધિદેવની પાસેથી જ્યાં મરીચિ છે ત્યાં આવ્યા અને ભાવિ તીર્થંકર જાણી ઉલ્લાસ ભાવથી વંદના કરવા લાગ્યા... વંદન કરતાં કહે છે- ''હે મરીચિ ! હું આ તારા ત્રિદંડીના વેશને વંદન કરતો નથી પણ તારો આત્મા ભરત ક્ષેત્રમાં ચોવિસમાં તીર્થંકર મહાવીર બનવાનો છે. એ ભાવિ તીર્થંકરને ભાવપૂર્વક વંદના કરું છું.''

ભરત મહારાજાના ગયા પછી મરીચિ નાચવા લાગ્યો... હું કોણ ? મારું કુળ કેવું ઉંચું ?

મારા દાદા પ્રથમ તીર્થંકર... મારા પિતા પ્રથમ ચક્રવર્તી... હું પણ ભાવિ તીર્થંકર... વારે મદ વા ! તેં તીર્થંકર બનનાર આત્માને પણ ભાન ભુલાવ્યું. એજ ક્ષણે મરીચિએ કુળ મદ કરીને નીચ ગોત્ર ઉપાર્જન કર્યું. ભવોભવમાં ભટકાવ્યા અને તીર્થંકરના ભવમાં પણ બ્રાહ્મણ કુળમાં ૮૨ રાત સુધી રહેવું પડ્યું.

**ભવ મહોટા કહીએ, પ્રભુના સત્તાવીશ જો. મરીચિ ત્રિદંડી તે માંહે, ત્રીજે ભવે રે જો.**

**તિહાં ભરત ચક્રીશ્વરી વંદે આવી જોઈ જો કુલનો મદ કરી નીચ ગોત્ર બાંધ્યું તે હવે રે જો...**

# ઐશ્વર્ય-મદ

**પુણ્યના ઉદયથી પામેલા ઐશ્વર્યનો ફાંકો રાખવો... મદ કરવું... અભિમાન કરવો તે ઐશ્વર્ય મદ કહેવાય છે...**

દશાર્ણભદ્ર રાજાએ પ્રભુ મહાવીરસ્વામીને વંદન કરવા જતાં આ મદ કર્યો હતો. પ્રભુને વંદન કરવા નીકળેલા દશાર્ણભદ્ર રાજવીએ સુંદર સામૈયું કર્યું. રાજમહેલથી નિકળતા પરમાત્મ ભક્તિના ભાવ હતા પણ પ્રભુજી પાસે સમવસરણ નજીક પહોંચતા ઐશ્વર્ય મદે દશાર્ણભદ્ર રાજાના મનમાં પોતાનું સ્થાન જમાવ્યું. રાજા વિચારવા લાગ્યા ''આવું સામૈયું તો કોઇએ ક્યારેય નહીં કર્યું હોય... હું કેવો ઐશ્વર્યવાન છું ? મેં કેવું સુંદર સામૈયું કર્યું છે ?'' આવા ઐશ્વર્યમદથી રાજા ઘેરાઇ ગયા.

સામેથી આવતા સૌધર્મ ઇન્દ્રે આ સામૈયું જોયું આનંદ થયો... મનના ભાવ જોયા... દુઃખ થયું. અરે મારો સાધર્મિક આવું સામૈયું કરીને ભાવથી હારી જશે ? અભિમાનમાં ફળ ગુમાવી બેસશે ? એનું અભિમાન દૂર કરવા... દેવ માયાથી અદ્ભૂત સામૈયું સામેજ આકાશમાંથી નીચે ઉતાર્યું...

ઇન્દ્ર મહારાજાના સામૈયા સમક્ષ પોતાનું સામૈયું ફીકુ લાગ્યું... પણ દશાર્ણભદ્ર રાજવીએ તો આજે ઇન્દ્ર મહારાજાને પણ હરાવવાનો જાણે નિશ્ચય જ કર્યો હતો.... એમણે દેશના સાંભળી પ્રભુ પાસે દિક્ષાની યાચના કરી... દીક્ષાનો સ્વીકાર કર્યો... રાજવી મટીને રાજર્ષિ બન્યા...

ઇન્દ્ર મહારાજા આવીને ચરણોમાં નમ્યા... જાણે કહેતા ન હોય '' દશાર્ણ ! તમે જીત્યા હું હાર્યો.''

ધર્મ આરાધના કરતા પણ આવી જતા મદથી અનેક આત્માઓ માર્ગ ચુક્યા છે. દશાર્ણભદ્ર ભાગ્યશાળી હતા કે એમને જગાડનાર ઇન્દ્ર મહારાજા મળ્યા... જેથી તેઓ આત્મ કલ્યાણ સાધી શક્યા. ઐશ્વર્યનો મદ ભવાંતરમાં ઐશ્વર્યનો નાશ કરે છે... આ વિશ્વમાં જે મળે છે તે આપણા પુણ્યના ઉદયનું ફળ છે... પુણ્ય છે ત્યાં સુધી જ ઐશ્વર્ય પણ છે... પુણ્યના નાશ સાથે ઐશ્વર્યનો નાશ નિશ્ચિત છે તો આવા ક્ષણિક ઐશ્વર્યનો મદ કરી ભવાંતર માટે અંતરાય કર્મ ઉપાર્જન ન કરીએ. (ક્રમશઃ)